અપીલ અરજી નં.૭૪ તા.૯–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૧–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) આપના વિભાગમાં શહેરી વિકાસમાં જુની. ઈજનેર તરીકે માસ્તર કેટલા સમયથી ફરજ બજાવી રહયા છે? કુદ્દા નં.(૨) આ સમયગાળા દરમ્યાન તેમના કાર્યક્ષેત્રમાં ઉભા થતા અથવા ઉભા થયેલા કેટલા ગેરકાયદે બાંધકામોમાં મિલ્કત ધારકને કામ બંધ કરવા અંગે કે બાંધકામ દુર કરવા અંગે નોટીસો આપેલ છે તેની આપેલ નોટીસોની તમામ નકલો આપશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૯–૫–૧૧ ની **SMC/FAP/** નં.૭૪/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૧–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) આપના વિભાગમાં શહેરી વિકાસમાં જુની. ઈજનેર તરીકે માસ્તર કેટલા સમયથી ફરજ બજાવી રહયા છે? મુદ્દા નં.(૨) આ સમયગાળા દરમ્યાન તેમના કાર્યક્ષેત્રમાં ઉભા થતા અથવા ઉભા થયેલા કેટલા ગેરકાયદે બાંધકામોમાં મિલ્કત ધારકને કામ બંધ કરવા અંગે કે બાંધકામ દુર કરવા અંગે નોટીસો આપેલ છે તેની આપેલ નોટીસોની તમામ નકલો આપશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ફી ભર્યાનો એક મહીના ઉપરનો સમય વીતી ગયો હોવા છતાં હજી સુધી નકલો મળેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા નાણા ભરવા છતાં માહિતી નહીં આપવા અંગેનું કારણ જણાવવા સાથે અરજદારે અપીલ તબકકે રજૂ કરેલ વિગત અનુસાર રસીદ નં.૩૩૭૯૨૨ તા.૭–૪–૧૧ થી વેસ્ટઝોન ખાતે આઈડી નં.૫૩૩ તા.૧૧–૩–૧૧ માટે રૂા.૨૦૮/– ભર્યાની રસીદની નકલ રજૂ કરેલ છે. તેને અનુલક્ષી તે અંગેની વિગત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૦ તા.૧૯–૫–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૧૮૬ તા.૨૬–૫–૧૧ થી પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૧–૩–૧૧ ની અરજીથી શહેર વિકાસ વિભાગના જુની. ઈજનેરના માસ્તરના ફરજો અંગેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૪ તા.૬–૪–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) આપના વિભાગમાં શહેરી વિકાસમાં જુની. ઈજનેર તરીકે માસ્તર કેટલા સમયથી ફરજ બજાવી રહયા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શહેરી વિકાસમાં જુની. ઈજનેર તરીકે માસ્તર તા.૨૮–૧૧–૦૫ થી ફરજ બજાવી રહયા છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ સમયગાળા દરમ્યાન તેમના કાર્યક્ષેત્રમાં ઉભા થતા અથવા ઉભા થયેલા કેટલા ગેરકાયદે બાંધકામોમાં મિલ્કત ધારકને કામ બંધ કરવા અંગે કે બાંધકામ દુર કરવા અંગે નોટીસો આપેલ છે તેની આપેલ નોટીસોની તમામ નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ માં જણાવેલ માંગ્યા મુજબની નોટીસો નકલો રાંદેરઝોનની કચેરીએ રૂા.૯૮/– ભરપાઈ કર્યેથી આપને મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) આ બાંધકામો પૈકી કેટલા બાંધકામો (ગેરકાયદેસર ઉભા થયેલા) નું ડીમોલીશન નોટીસ ફટકાર્યા બાદ આપના વિભાગે કરેલ છે તેની મિલ્કતધારકનું નામ, સરનામું, ડીમોલીશન કર્યા તારીખ તથા ડીમોલીશનના વહીવટી ચાર્જ પેટે જેટલી રકમ વસુલ કરી હોય તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ માં જણાવેલ માંગ્યા મુજબની માહિતી બાબતે રાંદેરઝોન કચેરીએથી ઉપલબ્ધ રેકર્ડની માહિતીની નકલ રૂા.૧૪/– ભરપાઈ કર્યેથી આપને મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ જયારથી શહેરી વિકાસમાં જુની. ઈજનેર તરીકે માસ્તર ફરજ પર આવ્યા ત્યારથી તેમના કાર્યક્ષેત્રમાં કેટલા બાંધકામો (કાયદેસર તથા ગેરકાયદસર) ઉભા થયા છે તેની બાંધકામની વિગત સરનામું સહિતની વિગત આપશો. તથા આ બાંધકામો પૈકીના કેટલા બાંધકામો મંજુર પ્લાન વિરુધ્ધના કે વિના મંજુરીના છે તેની નામ, સરનામા તથા તેની સામે કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ માં જણાવેલ માંગ્યા મુજબની અંશતઃ માહિતીની નકલ રાંદેરઝોન કચેરીએ રૂા.૯૬/– ભરપાઈ કર્યેથી આપને મળી શકશે બાકીની અંશતઃ માહિતીનો ઉપર મુદ્દા નં.૨ માં સામવેશ થઈ જાય છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને આપેલી માહિતીમાં મુદ્દા નં.૨ અંગે રૂા.૯૮/– , મુદ્દા નં.૩

અંગે રૂા.૧૪/– અને મુદ્દા નં.૪ અંગે રૂા.૯૬/– મળી કુલ રૂા.૨૦૮ ભરપાઈ કરી મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૩૯૯૨૨ તા.૭–૪–૧૧ ના રોજ ભરપાઈ કરેલ. પરંતુ નાણા ભરપાઈ કર્યા બાદ અરજદારને એક માસના સમય બાદ પણ નકલો નહીં મળતા તા.૯–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે સંદર્ભે અત્રેથી અપીલ તબકકે પૂરક માહિતી માંગતો મ. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૬ તા.૨૬–૫–૧૦ થી સદર માહિતી અલગ અલગ ફાઈલોમાંથી કાઢી ઝેરોક્ષ કરવાની હોવાથી તથા ઝોન કચેરીની અન્ય આવશ્યક કામગીરીને પણ અગ્રીમતા આપવાની હોવાથી નકલ આપવામાં વિલંબ થયેલ છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને તા.૨૪–૫–૧૧ ના રોજ રૂબરૂમાં તેઓને પહોંચાડવામાં આવેલ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને નાણા ભરપાઈ કર્યાની નકલો રૂબરૂમાં પૂરી પાડેલ હોય તકરારને કોઈ સ્થાન રહેતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૦૩–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોય તેમજ નાણા ભરપાઈ કર્યા બાદની માહિતી નકલો અપીલીય કાર્યવાહી દરમ્યાન પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,